# વચનામૃત કણિકાઓ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૭૭

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# વચનામૃત કણિકાઓ

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**૭૭**

: સંસ્થાપક :

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

● **પ્રકાશન સમિતિ** ●

*: પ્રેરક - માર્ગદર્શક :*

● **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ●

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***પ્રથમ આવૃત્તિ***

પ્રત : ૨૦૦૦

૨૦૧૮, ૧૬, ફેબ્રુઆરી

સં. ૨૦૭૪, ફાગણ સુદ એકમ

***સેવા મૂલ્ય*** : રૂ. ૧૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail : info@shriswaminarayandivinemission.com

Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ,

આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

વચનામૃત ગ્રંથના હાર્દસમા શ્રીહરિનાં માર્મિક વચનો એવા વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું પહેલું વચનામૃત – ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવાનું, અમદાવાદનું સાતમું વચનામૃત – મહારાજની સર્વોપરી ઉપાસના સમજવાનું, ગઢડા અંત્યનું છેલ્લું વચનામૃત – આત્મા-પરમાત્માનો વેગ લગાડવાનું અને ગઢડા મધ્યનું તેરમું વચનામૃત – મુક્તની સ્થિતિ ને મહારાજનું માહાત્મ્ય સમજવાનું. આ ચાર વચનામૃતોને અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી કૃત રહસ્યાર્થ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યાં છે, જેથી વચનામૃતોના અર્થ યથાર્થપણે સમજવામાં સરળતા રહે એ હેતુ છે.

બીજી ઉલ્લેખનીય બાબત એ છે કે ઉપરોક્ત ચાર વચનામૃતોમાં ગઢડા મધ્યનું તેરમું વચનામૃત અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી સોમચંદબાપાએ પદ્યમાં રૂપાંતરિત કર્યું છે તે એની વિશેષતા છે.

પ્રભુનું જ્ઞાન, ઉપાસના ને માહાત્મ્ય વર્ણવતાં આ ચાર વચનામૃતોને ‘વચનામૃત કણિકાઓ’ શીર્ષક હેઠળ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થા દ્વારા અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈના ૯૬મા પ્રાગટ્ય દિન નિમિત્તે પ્રકાશિત કરતાં હર્ષ અનુભવીએ છીએ.

આજના યુગમાં અનેકવિધ પ્રવૃત્તિઓની વ્યસ્તતા વચ્ચે પણ આ નિત્ય મનનીય વચનોયુક્ત આ લઘુ પુસ્તિકા વાચકને ભગવાન સ્વામિનારાયણનું જ્ઞાન, ઉપાસના, તેમજ માહાત્મ્ય સમજવામાં અતિ ઉપયોગી થશે.

અંતમાં આ પુસ્તિકાના પ્રકાશનમાં સહભાગી થનાર સૌ તથા વાચક ઉપર શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા અ. મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની અસીમ કૃપા વરસતી રહે એ જ અભ્યર્થના!

સં. ૨૦૭૪, ફાગણ સુદ એકમ **પ્રકાશન સમિતિ**
ઈ. સ. ૨૦૧૮, ૧૬ ફેબ્રુઆરી **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# વચનામૃત
# કણિકાઓ

# વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૧

સંવત ૧૮૭૬ના માગશર સુદિ ૪ ચતુર્થીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં સાધુની જાયગાને વિષે રાત્રિને સમે પધાર્યા હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે,

(પ્ર.૧) સર્વે સાધનમાં કિયું સાધન કઠણ છે? ત્યારે સર્વે બ્રહ્મચારી, સાધુ તથા ગૃહસ્થ, તેમણે પોતાની સમજણ પ્રમાણે ઉત્તર કર્યો પણ થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો અમે ઉત્તર કરીએ જે, ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી, કાં જે ભગવાનની મૂર્તિ છે, તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય, તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે, તે તો જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઇચ્છે તો તત્કાળ દેખે છે. તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમોહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ છે તેને પણ દેખે છે, માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી ને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ

નથી.(બા.૧)

ત્યાર પછી કોઈક હરિભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે,

(પ્ર.૨) જેને ભગવાનની માયા કહે છે તેનું રૂપ શું છે? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ભગવાનનો ભક્ત હોય, તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતે જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ.(બા.૨)

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે,

(પ્ર.૩) ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે, ત્યારે તે કેવા દેહને પામે છે? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે, તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે, અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે, ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે ને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે, ને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે; એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે. તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે.(બા.૩)

પછી વળી કોઈક હરિભક્તે પૂછ્યું જે,

(પ્ર.૪) કેટલાક તો ઘણા દિવસથી સત્સંગ કરે છે તો પણ તેને જેવી પોતાના દેહ ને દેહના સંબંધીને વિષે ગાઢ પ્રીતિ છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી તેનું શું કારણ છે? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એને ભગવાનનું માહાત્મ્ય સંપૂર્ણ

જાણ્યામાં આવ્યું નથી, અને જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે, ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી, ને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, કાં જે અન્ય સ્થળને વિષે જે પાપ કર્યાં હોય તે સંતને સંગે કરીને જાય અને સંતને વિષે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી. તે શાસ્ત્રમાં કહ્યું છે જે:--

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥

તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દૃઢ પ્રીતિ થાય.(બા.૪)

## ઈતિ વચનામૃતમ્ ॥ ૧ ॥

**રહસ્યાર્થ પ્રદી.** -- આમાં પ્રશ્ન (૪) છે. તેમાં પહેલામાં શ્રીજીમહારાજે કહ્યું છે જે, અમારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખનારો ગોલોકાદિક ધામ, જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ તેને જોવાને ઇચ્છે તો દેખે છે. (૧) બીજામાં અમારું ધ્યાન કરતાં આવરણ કરે તે માયા જાણવી. (૨) ત્રીજામાં અમારા આશ્રિત દેહ મૂકીને બ્રહ્મમય દેહને પામે છે. (૩) ચોથામાં સ્વભાવ ઉપર વાત કરનારાનો અવગુણ લે તેને સત્સંગમાં પ્રીતિ થતી નથી ને પાપ લાગે છે, તે પાપ સંતના અનુગ્રહથી ટળે છે ને સંતને તીર્થ કહ્યા છે. (૪) બાબતો છે.

પ્ર.૧ પહેલા પ્રશ્નમાં મનની વૃત્તિ અખંડ રહે તે કઠણમાં કઠણ સાધન, ને સર્વથી શ્રેષ્ઠ પ્રાપ્તિ કહી તે મન તથા વૃત્તિ તો માયિક છે તે માયિક વસ્તુએ મહારાજ કેમ દેખાય?

ઉ.૧ પ્રથમ તો જીવ મન દ્વારે ભગવાનની મૂર્તિને વિષે વૃત્તિ રાખે તે વૃત્તિ રાખતાં રાખતાં નિર્ગુણ થઈ જાય, ત્યારે જીવસત્તાએ જ મૂર્તિને જુએ છે. તે હરિવાક્ય સુધાસિંધુમાં તરંગ (૨૦૮)માં કહ્યું છે કેઃ- देहत्रयमलं तद्वत्सांख्यज्ञानांबुना स च । धूत्वा शुचिर्हरिंध्यायेत्तदाऽति सुखभाग् भवेत् ॥१६॥ દેવ જેવો પવિત્ર થઈને દેવને પૂજે તો તે પૂજાને દેવ અંગીકાર કરે તેની પેઠે ત્રણ દેહરૂપી મળને સાંખ્યજ્ઞાન રૂપી જળ તેણે કરીને ત્યાગ કરીને શુદ્ધ બ્રહ્મરૂપ થઈને શ્રીજીમહારાજનું ધ્યાન કરે ત્યારે શ્રીજીમહારાજનું અતિ સુખ તેને પામે છે.

પ્ર.૨ શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખનારો ભક્ત જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ તથા ગોલોકાદિક ધામને દેખે છે એમ કહ્યું; અને (પ્ર. ૪૯ના બીજા પ્રશ્નમાં) ભગવાનની મૂર્તિ વિના ષટ્ચક્ર તથા ગોલોકાદિક ધામ દેખાય તે બાહ્યદૃષ્ટિ કહી છે, તે કેમ સમજવું?

ઉ.૨ આમાં સાધનદશાવાળા સકામ ભક્તને લોભ બતાવીને પોતાના સ્વરૂપમાં જોડવા માટે કહ્યું છે, માટે એ વચન અધિકારી પર છે અને (પ્ર. ૪૯માં) ભગવાનની મૂર્તિ વિના એ ધામાદિક દેખાય એ બાહ્યદૃષ્ટિ કહી છે; પણ વગર ઈચ્છે ભગવાનની મૂર્તિ ભેળાં ધામાદિક દેખાય એ બાહ્યદૃષ્ટિ કહી નથી. એ તો સિદ્ધદશાવાળા જાણવા. તે (સા. ૧૦ના ૨/૩ બીજા પ્રશ્નમાં) કહ્યું છે જે, અંતર્દૃષ્ટિવાળાને ભગવાન તથા ભગવાનનાં ધામ અણુમાત્ર છેટે નથી, કેમ જે એને ભગવાન વગર ઈચ્છે દેખાડે છે તે (પ્ર. ૯/૨માં) અમારા ધામને વિષે અમારાં ઐશ્વર્ય તથા મૂર્તિઓ રહી છે તે ભક્તને બળાત્કારે દેખાડીએ છીએ એમ કહ્યું છે, માટે વગર ઈચ્છે શ્રીજીમહારાજ દેખાડે તે બાહ્યદૃષ્ટિ ન કહેવાય પણ ભક્ત પોતે જોવા ઈચ્છે તો તે બાહ્યદૃષ્ટિ કહેવાય.

પ્ર.૩ બીજા પ્રશ્નમાં ધ્યાનમાં આવરણ કરે તેને માયા કહી તે કઈ જાણવી?

ઉ.૩ મૂળપ્રકૃતિ તથા તેમાંથી જે જે ઉત્પન્ન થયું તે, ને તે સંબંધી ઘાટ-સંકલ્પ થાય તે સર્વે માયા છે અને તે મૂળપ્રકૃતિથી પર મૂળપુરુષ જે

ઈશ્વરકોટી, તેથી પર બ્રહ્મકોટી, તેથી પર મૂળઅક્ષરકોટી તે સર્વે ધ્યાન-ઉપાસનામાં આવરણ કરનાર છે માટે મૂળઅક્ષર પર્યંત આવરણ કરનાર છે, એમ જાણવું; એ તો જ્યારે મૂળઅક્ષરથી પર ને તે મૂળઅક્ષરનું કારણ જે શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામ તે રૂપ પોતાને માનીને એ તેજમાં પોતાના આત્માને લીન કરીને શ્રીજીમહારાજની મૂર્તિને ધારે, ત્યારે શ્રીજીમહારાજની ને ધ્યાન કરનાર ભક્તની વચ્ચે બીજું આવરણ રહેતું નથી, માટે મૂળઅક્ષર પર્યંત આવરણ કરનાર છે એમ જાણવું.

પ્ર.૪ શ્રીજીમહારાજના તેજને મૂર્તિમાન મૂળઅક્ષરનું કારણ કહો છો તે કિયા વચનામૃતમાં છે?

ઉ.૪ (કા. ૮/૧માં) શ્રીજીમહારાજે પોતાના નિર્ગુણ સ્વરૂપને એટલે તેજને મૂળઅક્ષરનું આત્મા કહ્યું છે અને (પ્ર. ૬૪/૧માં) એ તેજને મૂળઅક્ષરમાં વ્યાપક તથા તેનું આત્મા તથા દૃષ્ટા કહ્યું છે, માટે મૂળઅક્ષરનું કારણ શ્રીજીમહારાજનું તેજ છે.

પ્ર.૫ માયા તો સંકલ્પ-વિકલ્પાદિક રૂપે આવરણ કરનાર છે તે સમજાય છે પણ ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને મૂળઅક્ષરકોટી તે કેવી રીતે આવરણ કરતા હશે?

ઉ.૫ જેમ દીવાના પ્રકાશનો સંબંધ આપણાં નેત્રને થાય ત્યારે દીવો દેખાય છે, અને તારાના પ્રકાશનો સંબંધ થાય તો તારા દેખાય; અને ચંદ્રના પ્રકાશનો સંબંધ નેત્રને થાય તો ચંદ્ર દેખાય; અને સૂર્યના પ્રકાશનો સંબંધ નેત્રને થાય તો સૂર્ય દેખાય છે, તેમ મૂળમાયાથી પર મૂળપુરુષ છે; તેના તેજરૂપ આપણા આત્માને માનીએ તો મૂળપુરુષ ઈશ્વરના પ્રકાશનો સંબંધ આપણા આત્માને થાય તેણે કરીને મૂળપુરુષ પમાય, પણ તેથી પર જે બ્રહ્મકોટી તેનો સંબંધ ન થાય, તે આવરણ કર્યું કહેવાય, તેમ જ બ્રહ્મના પ્રકાશનો સંબંધ થાય તો બ્રહ્મની પ્રાપ્તિ થાય પણ અક્ષર ન પમાય તે આવરણ કર્યું કહેવાય. તેમ જ અક્ષરના પ્રકાશનો સંબંધ થાય તો અક્ષર પમાય, પણ પુરૂષોત્તમને ન પમાય

એ આવરણ કર્યું કહેવાય અને પુરૂષોત્તમના પ્રકાશનો સંબંધ આપણા ચૈતન્યને થાય તો પુરૂષોત્તમ પમાય, ત્યારે અક્ષરાદિકનું આવરણ રહેતું નથી તે (પ્ર. ૫૧માં) કહ્યું છે જે, "પુરૂષોત્તમને આકારે દૃષ્ટિ થાય ત્યારે જ પુરૂષોત્તમનું દર્શન થાય છે" માટે અક્ષરાદિક સર્વેથી પર શ્રીજીમહારાજ છે તેમના પ્રકાશરૂપ આપણા ચૈતન્યને માનીને, તે પ્રકાશરૂપ ધામ સાથે એકતા કરીને, શ્રીજીમહારાજની મૂર્તિને આકારે થાય તો જ શ્રીજીમહારાજને પમાય પણ તે વિના પમાય નહિ.

પ્ર.૬ આ તેજને શ્રીજીમહારાજને રહ્યાનું ધામ કિયા વચનામૃતમાં કહ્યું છે?

ઉ.૬ (પં. ૧/૧માં) આ તેજને પોતાને રહ્યાનું ધામ કહ્યું છે તથા (પ્ર. ૬૬/૧માં) પોતાની મૂર્તિનો પ્રકાશ કહ્યો છે. આનો વિસ્તાર પરથારાના બીજા પ્રશ્નોત્તરમાં છે.

પ્ર.૭ મૂળપુરુષની ને મૂળઅક્ષરની વચ્ચે બ્રહ્મ કહ્યા તે કિયા વચનામૃતમાં છે?

ઉ.૭ (કા. ના ૧૦ ૧/૪ પહેલા પ્રશ્નમાં) મૂળપુરુષની ને મૂળઅક્ષરની વચ્ચે બ્રહ્મનો ભેદ કહ્યો છે તે બ્રહ્મ શ્વેતદ્વીપપતિ વાસુદેવને કહ્યા છે અને એ વાસુદેવબ્રહ્મનું ધામ મૂળપુરુષના ગોલોક ધામથી પર છે તેને બ્રહ્મપુર નામે કરીને (અ. ૭/૧માં) કહ્યું છે.

પ્ર.૮ ત્રીજા પ્રશ્નમાં ધર્મકુળને આશ્રિત બ્રહ્મમય દેહને પામે છે એમ કહ્યું તે ધર્મકુળ શું સમજવું? અને બ્રહ્મમય તે કેવો જાણવો?

ઉ.૮ આ ઠેકાણે ધર્મકુળ એટલે ધર્મના પુત્ર એવા જે સાક્ષાત્ શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમને જાણવા. તેમનો આશ્રિત થાય તે બ્રહ્મમય દેહને પામે છે એમ કહ્યું છે, અને બ્રહ્મ તે શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ જાણવું, અને એ તેજ સાથે એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે તે ધ્યાને કરીને શ્રીજીમહારાજના જેવો સાકાર થાય તે બ્રહ્મમય દેહ કહ્યો છે.

પ્ર.૯ યથાર્થ જ્ઞાન થાય ત્યારે દેહ મૂક્યો કહેવાય કે દેહ પડે ત્યારે જ મૂક્યો કહેવાય?

ઉ.૯ જ્યારે આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે દેહ મૂક્યો કહેવાય તો પણ સર્પની કાંચળીની પેઠે માયિક દેહ તો ઉપર હોય જ પણ સિદ્ધ મુક્ત જેમ શ્રીજીમહારાજની ઇચ્છાથી દિવ્ય મૂર્તિ થકા મનુષ્ય જેવા દેખાય છે તેવા તો ન કહેવાય, અને જ્યારે કાંચળીવત્ રહેલા દેહનો અંત આવે ત્યારે રથ-વિમાનાદિક બીજા જીવોના સમાસને અર્થે શ્રીજીમહારાજ બતાવે છે. પણ જે બ્રહ્મરૂપ થયો તેને રથ-વિમાનની જરૂર નથી. કેમ જે જેને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થયો તેને જવું-આવવું નથી એ તો પામી જ રહ્યો છે.

પ્ર.૧૦ ધામમાં જાય તેને યોગસમાધિવાળા દેખે છે તે યોગસમાધિવાળા કોને જાણવા?

ઉ.૧૦ જેને શ્રીજીમહારાજની મૂર્તિનો અખંડ સાક્ષાત્કાર હોય, તેને યોગસમાધિવાળા કહ્યા છે પણ યોગાભ્યાસ કરતા હોય ને મૂર્તિ સિદ્ધ ન થઈ હોય તેને આ ઠેકાણે યોગસમાધિવાળા નથી કહ્યા.

## વચનામૃત અમદાવાદ પ્રકરણ : ૭

સંવત ૧૮૮૨ના ફાગણ વદિ ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ મધ્યે શ્રી નરનારાયણના મંદિરને વિષે દરવાજાના મેડા ઉપર વાસુદેવ માહાત્મ્ય વંચાવતા હતા. પછી ઊઠીને દરવાજા પાસે લીંબડાના વૃક્ષ તળે ઢોલિયા ઉપર સંધ્યા સમે વિરાજમાન થયા હતા, અને મસ્તક ઉપર ગુલાબી રંગની પાઘ બાંધી હતી, ને તેમાં ગુલાબના તોરા ખોસ્યા હતા, ને ગુલાબના હાર પહેરીને ગરકાવ થયા હતા, ને શ્વેત પછેડી ઓઢી હતી, ને શ્વેત સુરવાલ પહેર્યો હતો, ને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે પ્રાગજી દવેએ મુનિઓને પ્રશ્ન પૂછ્યો જે,

(પ્ર.૧) ભગવાનને વિષે મન વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, એનો ઉત્તર તો અમે કરશું એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે ગામ પિંપળાણામાં લાધા બ્રાહ્મણને ઘેર રામાનંદ સ્વામીને એમ પૂછ્યું હતું જે, તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો? ત્યારે રામાનંદ સ્વામી તો બોલ્યા જ નહિ ને ઉત્તર ન કર્યો, ત્યાર પછી અગણોતેરા કાળમાં અમે માંદા થયા હતા ત્યારે અમે ક્ષીરસાગરને વિષે શેષશય્યાને વિશે શેષશાયી નારાયણ સૂતા છે ત્યાં ગયા. ત્યારે ત્યાં અમે રામાનંદ સ્વામીને જોયા તે ધોળી

ધોતી પહેરી હતી ને પછેડી ઓઢી હતી ને એવા બીજા પણ ઘણાક શેષશાયી નારાયણના ચરણારવિંદને સમીપે બેઠા હતા. તેને અમે જોયા ત્યારે અમે નારાયણને કહ્યું જે આ રામાનંદ સ્વામી તે કોણ છે? પછી નારાયણે કહ્યું જે એ તો બ્રહ્મવેત્તા છે. પછી રામાનંદ સ્વામી તો નારાયણના શરીરને વિષે લીન થયા ત્યાર પછી અમે દેહને વિષે આવ્યા. પછી અમે અંતરદૃષ્ટિ કરી ત્યારે પ્રણવનાદને જોયો, તે જોતાં જોતાં નંદીશ્વર પોઠિયો આવ્યો તે ઉપર બેસીને કૈલાસમાં ગયા ને ત્યાંથી ગરુડ ઉપર બેસીને વૈકુંઠ તથા બ્રહ્મમહોલને વિષે જાતા હવા, ત્યાં ગરુડ પણ ઊડી શક્યો નહિ એટલે અમે એકલા જ ઊડ્યા તે સર્વ થકી પર એવું જે શ્રી પુરૂષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરૂષોત્તમ છું, પણ મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ. એટલે ઠેકાણે ફર્યા ને પછી અમે દેહને વિષે આવ્યા ને ફેર અંતરમાં જોયું ત્યારે એમ જણાણું જે સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન છે. ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ.(બા.૧)

ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને આવશે ને એમ

સમજશે તે સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ ને સર્વેને અંતર્યામી જેવા કરીશ ને બ્રહ્માંડોની ઉત્પત્યાદિક કરે એવા સમર્થ કરીશ. પણ પછી સામર્થી પામીને એમ જાણે જે, હું જ મોટો છું એમ જાણીને ઋષિરૂપ એવા જે પ્રત્યક્ષ શ્રી નરનારાયણ તેને ગણવા જ નહિ એવો અહંકાર આવવા દેવો નહિ, ને એમ જાણવું જે આ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કરુણાએ કરીને હું મોટપ પામ્યો છું. એમ શ્રીજીમહારાજે એ પ્રશ્નનો ઉત્તર કર્યો.(બા.૨)

## ઈતિ વચનામૃતમ્ ॥ ૭ ॥

**રહસ્યાર્થ પ્રદી.** -- આમાં પ્રશ્ન (૧) છે. તેમાં શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીને વિષે કેટલાકને ભગવાનપણાનો નિશ્ચય થયેલો તે ટળાવવા સારુ રામાનંદ સ્વામી શેષનારાયણમાં લીન થઈ ગયા એમ વાત કરીને પછી પોતાનો મહિમા કહ્યો છે, જે અમે નંદીશ્વર અને ગરુડની અસવારી કરીને ધામોમાં જતાં ગરુડ ઊડી શક્યો નહિ, તેને પડ્યો મૂકીને સર્વથી પર અમારા ધામમાં ગયા. ત્યાં પણ અમે જ પુરૂષોત્તમ છીએ; અમારા વિના કોઈ મોટો દીઠો જ નહિ ને સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયના કર્તા અમે જ છીએ અને અસંખ્યાત કૈલાસ, વૈકુંઠ, ગોલોક, બ્રહ્મપુર ને તેથી પર ભૂમિકાઓ આદિ સર્વ અમારે તેજે તેજાયમાન છે આવો મહિમા સમજીને અમારો નિશ્ચય કર્યો હોય તેને ડગમગાટ ન થાય. (૧) અને અમારે શરણે જે આવ્યા છે ને આવશે ને અમને આવા સમજશે તે સર્વને ઉપર કહી ગયા જે કૈલાસથી આરંભીને ભૂમિકાઓ પર્યંત તે સર્વથી પર એવું અમારું અક્ષરધામ તેને પમાડીશું ને ઉત્પત્યાદિક કરે એવા સમર્થ કરીશું. તે સામર્થી અમારી કૃપાએ આવી છે એમ જાણવું. (૨) બાબતો છે.

પ્ર.૧ પહેલી બાબતમાં રામાનંદ સ્વામીને શ્રીજીમહારાજે પૂછ્યું જે તમે આધુનિક ઈશ્વર છો કે સનાતન છો? તે આધુનિક ને સનાતન

ઈશ્વર કોને કહેવાય?

ઉ.૧ જે સ્વતંત્ર સત્તાવાન હોય તે સનાતન ઈશ્વર કહેવાય અને જેમાં ઉપરીનો પ્રવેશ હોય તે આધુનિક ઈશ્વર કહેવાય. માટે સનાતન ઈશ્વર તો શ્રીજીમહારાજને જ કહેવાય અને વૈરાજ, અહંકાર, મહત્તત્વ, પ્રધાનપુરુષ, મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ ને મૂળઅક્ષર પર્યંત સર્વ શ્રીજીમહારાજ આગળ પરતંત્ર ને આગંતુક ઐશ્વર્યવાન છે, માટે તે આધુનિક ઈશ્વર કહેવાય.

પ્ર.૨ રામાનંદ સ્વામી શેષશાયી નારાયણને વિષે લીન થયા એમ કહ્યું ને (પરથારાના તેરમા પ્રશ્નોત્તરમાં તથા વ. ૧૮ના ત્રીજા પ્રશ્નોત્તરમાં) રામાનંદ સ્વામીને શ્રીજીમહારાજના મુક્ત કહ્યા છે માટે તે કેમ સમજવું?

ઉ.૨ રામાનંદ સ્વામીને ભગવાન જાણીને કેટલાક સંત તથા હરિભક્તો ધ્યાન-ભજન કરતા તે રામાનંદ સ્વામીને વિષેથી ભગવાનપણાની પ્રતીતિ ટળાવવાને માટે એમ કહ્યું છે. પણ રામાનંદ સ્વામી તો શ્રીજીમહારાજના મુક્ત હતા.

પ્ર.૩ અસંખ્ય વૈકુંઠાદિક ધામ કહ્યાં તે કોનાં કોનાં જાણવાં?

ઉ.૩ વૈકુંઠધામ કહ્યાં તે વિષ્ણુઓનાં જાણવાં અને ગોલોક કહ્યાં તે મૂળપુરુષનાં જાણવાં અને બ્રહ્મપુર કહ્યાં તે વાસુદેવબ્રહ્મનાં જાણવાં અને ભૂમિકાઓ કહી તે મૂળઅક્ષરોનાં ધામ જાણવાં, આ સર્વે અસંખ્ય છે. આનો વિશેષ વિસ્તાર (કા. ૧૦ના બીજા પ્રશ્નોત્તરમાં) કર્યો છે.

પ્ર.૪ બીજી બાબતમાં બ્રહ્માંડની ઉત્પત્યાદિક કરે એવા શરણાગતને કરવા છે એમ કહ્યું તે ઉત્પત્યાદિક તો મૂળઅક્ષરાદિક ઐશ્વર્યાર્થીઓ કરે છે ને મુક્ત તો એ કાર્ય કરતા નથી એમ (કા. ૧૦ના પાંચમા પ્રશ્નોત્તરમાં તથા મ. ૬૭ના પહેલા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે તે કેમ સમજવું?

ઉ.૪ એ તો સકામ ભક્તની પ્રાપ્તિ કહી છે જે સકામ ભક્ત હોય

તેને પણ મૂળઅક્ષરાદિક જેવા ઐશ્વર્યવાન કરીશું અને નિષ્કામ ભક્તને તો પોતાની હજૂરમાં તથા પોતાની મૂર્તિમાં રાખે છે.

પ્ર.૫ ઋષિરૂપ કહ્યા તે ઋષિરૂપનો અર્થ શો હશે? અને ઋષિરૂપ કોને કહ્યા હશે?

ઉ.૫ પોતે બ્રાહ્મણના કુળમાં પ્રગટ થઈને ઋષિરૂપે વર્ત્યા ને તપ કર્યું તેથી ઋષિરૂપ કહ્યા છે. અને તે ઋષિરૂપ પોતાને જ કહ્યા છે, તે હરિવાક્ય-સુધાસિંધુના તરંગ (૨૨૭)માં કહ્યું છે જેઃ--

समर्थ मंडजन्मादौ करिष्यामि चत तं हयहम् ।
अंतर्यामिसमं कृत्वा प्रापयिष्ये स्वधाम च ॥ २२ ॥

तादृशं तस्य सामर्थ्यं सांप्रतं गोप्यते मया ।
अन्यथा ऋषिरूपं मां सोऽवमन्येत धर्मजम् ॥ २३ ॥

ज्ञान-वैराग्य-धर्मादि सामर्थ्य यस्य यस्य च ।
प्राप्तं स्यात्तेन तेनापि ज्ञेयं तन्मत् कृपाफलम् ॥ २४ ॥

એ પ્રકારે અમારા શરણને પામીને અમને ભજનારા ભક્તો તેને અમે બ્રહ્માંડોની ઉત્પત્યાદિકને કરે એવા સમર્થ કરીશું અને અંતર્યામી તુલ્ય કહેતાં અમારા તુલ્ય કરીને અમારા ધામને પમાડીશું. ॥૨૨॥ તે પ્રકારનું તેનું સાર્મથ્ય તેને અમે ઢાંકી રાખીએ છીએ; જો ન ઢાંકી રાખીએ તો ધર્મદેવના પુત્ર ને ઋષિરૂપ એવા જે અમે તે અમને પણ ગણે નહિ. ॥૨૩॥ અને જેને જેને જ્ઞાન-વૈરાગ્ય-ધર્માદિકનું સાર્મથ્ય પ્રાપ્ત થયું હોય તેણે તેણે અમારી કૃપાનું ફળ છે; કહેતાં અમારી કૃપાથી જ પ્રાપ્ત થયું છે એમ જાણવું. ॥૨૪॥ માટે પોતાને જ ઋષિરૂપ કહ્યા છે.

## વચનામૃત ગઢડા છેલ્લું પ્રકરણ : ૩૯

સંવત ૧૮૮૬ના અષાડ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ વિરાજમાન હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી આગળ વાર્તા કરી જે,

(પ્ર.૧) જે ભગવાનની માયા તે કેઈ છે? તો દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે એ માયાને ટાળવી ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય, ને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે, તેને આજ સમજો કે ઘણે દિવસે કરીને સમજો. અને હનુમાન, નારદ, પ્રહ્‌લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો, ને તમારે વિષે પ્રીતિ થાજો, ને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થાજો, ને એ સાધુને વિષે હેત ને મમત્વ થાજો, માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું, ને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો. (બા.૧)

અને ભગવાનનો જે ભક્ત હોય તેને આત્મનિષ્ઠાનું બળ તથા ભગવાનના માહાત્મ્યનું બળ એ બે બળ જોઈએ. તે આત્મનિષ્ઠા તે શું તો પોતાના આત્માને દેહથી પૃથક્ જાણવો, અને સાધુ ભેળા રહેતા હોઈએ તેમાં પરસ્પર કોઈક નિમિત્તે બોલાચાલી થાય તથા કોઈક જાતનો અહંમમત્વ થાય તથા માન, ક્રોધ, સ્વાદ, લોભ, કામ, મત્સર, ઈર્ષ્યા એ આદિક અવગુણની પ્રવૃત્તિ થાય ત્યારે જો આત્મા પોતાને ન જાણતા હોઈએ તો સાધુનો અવગુણ આવે, તેમાંથી એનું બહુ ભૂંડું થાય. માટે પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો, ને તે આત્મા છે તે બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, કણબી નથી, કોઈનો દીકરો નથી, કોઈનો બાપ નથી, એની કોઈ જાત નથી, નાત નથી એવો છે. અને એ આત્મા તો સૂર્ય તથા અગ્નિ જેવો તેજસ્વી છે, ને જાણપણે યુક્ત છે ને તે અગ્નિની જ્વાળા તથા સૂર્યની કિરણ તે તો જડ છે, કેમ જે તેને આંગળી અડાડીએ તો ખસે નહિ, ને કીડી હોય તેને આંગળી અડાડીએ તો ખસીને અવળી ચાલે, માટે આત્મા તે જાણપણે યુક્ત છે ને એને સૂર્ય, અગ્નિ જેવો કહીએ છીએ, તે તો એનો આકાર એવો તેજસ્વી છે, તે માટે કહીએ છીએ. અને એ આત્મા અનેક યોનિને પામ્યો છે, અને એમ કહેવાય છે જે જેટલું સમુદ્રનું પાણી છે તેટલું એ જીવ પોતાની માતાનું દૂધ ધાવ્યો છે, અને ત્યાં ત્યાં અનેક પ્રકારે મરાણો છે તો પણ મર્યો નથી; જેવો છે તેવો ને તેવો જ છે. ને એ અજ્ઞાન અવસ્થામાં પોતાને દેહરૂપે માનતો હતો ત્યારે પણ ન મર્યો તો હવે આપણે એનું જ્ઞાન થયું ત્યારે તો એ કેમ મરશે એવો જે આત્મા તેને પોતાનું સ્વરૂપ માનવું.(બા.૨)

અને ભગવાનનું માહાત્મ્ય કેમ જાણવું તો ભગવાન છે તે અનેક બ્રહ્માંડના રાજાધિરાજ છે અને જે બ્રહ્માંડના એ રાજા છે તે બ્રહ્માંડની પણ ગણતી નથી તે કહ્યું છે જે, ॥ द्युपतयएवतेनययुरंतमनंततया ॥ અને તે એક એક બ્રહ્માંડમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ હોય તથા સાત દ્વીપ, સાત સમુદ્ર, મેરુ, લોકાલોક આદિક પર્વત તેણે યુક્ત પૃથ્વીની રચના હોય તથા ચૌદ લોકની રચના હોય તથા અષ્ટ આવરણની રચના હોય ઈત્યાદિક સામગ્રીએ સોતાં જે અનેક બ્રહ્માંડ તેના રાજા ભગવાન છે, ને જેમ આ પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય ને તે રાજાનાં જે ગામડાં તે તો ગણાય એવાં હોય તો પણ તેની કેટલી મોટપ જાણ્યામાં આવે છે, ને ભગવાનને તો એવા બ્રહ્માંડની પણ ગણતી નથી, માટે ભગવાનની તો બહુ જ મોટપ છે. અને તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે? કાંઈ નથી; અતિ તુચ્છ છે. અને તે ભગવાને એ બ્રહ્માંડોને વિષે પંચવિષય સંબંધી સુખ જીવોને આપ્યું છે, તે સુખ કેવું છે? તો એ સુખને સારુ કેટલાક પોતાનાં માથાં કપાવે છે એવું મહાદુર્લભ જેવું જણાય છે, ત્યારે પોતાની મૂર્તિમાં તથા પોતાના ધામમાં જે સુખ છે તે તો બહુ ભારે છે, અને પ્રાકૃત વિષય સુખ છે તે તો અન્ય પદાર્થને આશરીને રહ્યું છે, તથા પૃથક્ પૃથક્ છે અને જે ભગવાન છે તે તો સર્વ સુખ માત્રના રાશિ છે, ને એ ભગવાન સંબંધી જે સુખ છે તે અવિનાશી છે, ને મહા અલૌકિક છે. અને જેમ કોઈક ભારે ધનાઢ્ય ગૃહસ્થ હોય તે પોતાના ઘરમાં અનેક પ્રકારનાં ભોજન જમતો હોય, ને તે જમીને ઉચ્છિષ્ટ કાંઈક બટકું રોટલો વધે તે કૂતરાને નાખે ત્યારે તે અતિશે તુચ્છ કહેવાય, ને પોતે જમતો હોય તે

મહાસુખમય કહેવાય, તેમ ભગવાને બ્રહ્માંડોને વિષે અનેક જીવોને પંચવિષય સંબંધી સુખ આપ્યું છે, તે તો કૂતરાને નાખ્યો જે બટકું રોટલો તેની પેઠે અતિ તુચ્છ છે, ને પોતાને વિષે જે સુખ છે તે તો મહા મોટું છે. અને વળી સુષુપ્તિ અવસ્થાને વિષે એ જીવને ભગવાન મોટું સુખ પમાડે છે, તે ગમે તેવી વેદના થઈ હોય ને સુષુપ્તિમાં જાય ત્યારે સુખિયો થઈ જાય છે. અને વળી એ ભગવાનના ચરણકમળની રજને બ્રહ્મા, શિવ, લક્ષ્મીજી, રાધાજી, નારદ, શુક, સનકાદિક, નવ યોગેશ્વર એવા એવા મોટા છે તે પણ પોતાના મસ્તક ઉપર ચડાવે છે, ને માનને મૂકીને એ ભગવાનની નિરંતર ભક્તિ કર્યા કરે છે. અને વળી એ ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે, ને તેમાં કેવું ડહાપણ કર્યું છે જે, જુઓને, માણસમાંથી માણસ થાય છે, પશુમાંથી પશુ થાય છે, ઝાડમાંથી ઝાડ થાય છે, કીડામાંથી કીડો થાય છે, ને માણસના અંગમાંથી કોઈક અંગનો ભંગ થઈ ગયો હોય ને ગમે તેવો ડાહ્યો હોય, તો પણ તે અંગને તેવું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય, ઇત્યાદિક અનેક કળા ભગવાનમાં રહી છે, એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણીને તથા ભગવાનને સુખમય મૂર્તિ જાણીને બીજા સર્વ પદાર્થમાં વૈરાગ્ય થાય છે, ને એક ભગવાનમાં જ પ્રીતિ થાય છે. અને એવી રીતે પ્રથમ કહ્યું જે પોતાના જીવાત્માનું જ્ઞાન તથા ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન એ બે જેને સિદ્ધ થયાં હોય, ને તે જો ગમે તેવા પંચવિષય સંબંધી સુખમાં કદાચિત્ બંધાઈ ગયો હોય તો પણ તેમાં બંધાઈ રહે નહિ; તેને તોડીને નીકળે જ રહે અને જે વિષયના સુખનો ત્યાગ કરીને વર્તતો હોય ને તે ન બંધાય એમાં તે શું કહેવું? માટે એ બે પ્રકારના

જ્ઞાનને સાંભળીને એનો પોતાના મનમાં વેગ લગાડી દેવો, જેમ કોઈક શૂરવીર ને આકરો માણસ હોય ને તેનો કોઈ પ્રતિપક્ષી હોય તેણે તેનો બાપ મારી નાખ્યો હોય તો તેની તેને બહુ દાઝ થાય, ને તે દાઝ થાતી હોય ને વળી તેનો દીકરો મારી નાખે, ને વળી ભાઈને મારી નાખે, ને વળી બાયડીને લેઈ જાય ને વળી માને લેઈને મુસલમાનને આપે, ને વળી ગામગરાસ ઝૂંટી લે, એવી રીતે જેમ જેમ એનો પરાભવ કરે તેમ તેમ એને બહુ મનમાં દાઝ થાય, ને જાગૃત-સ્વપ્નમાં સર્વ કાળે એને એ વાતનો જ આલોચ રહે, તેમ જેને આ બે વાતનો નિરંતર આલોચ રહે ત્યારે એને એ જ્ઞાન સિદ્ધ થાય. અને એને ગમે તેવો આપત્કાળ પડે તો તેને વિષે એની સહાય કરે. અને જેમ વિશલ્યકરણી ઔષધિ લાવીને હનુમાનજીએ રામચંદ્રજીને પીવાડી ત્યારે જે દેહમાં શલ્ય લાગ્યાં હતાં તે સર્વે એની મેળે દેહથી બહાર નીકળી ગયાં, તેમ જેને આ બે વાત મનમાં લાગી ગઈ હોય તેને ઇંદ્રિયોને વિષયભોગની ઇચ્છા રહી છે એ શલ્ય છે તે સર્વે નીકળી જાય, કહેતાં વિષય ભોગમાંથી એની ઇંદ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે, અને સત્સંગી પણ એને જ કહીએ કેમ જે સત્યરૂપ એવો જે પોતાનો આત્મા તથા સત્યરૂપ એવા જે ભગવાન તેનો જેને આવી રીતે સંગ થયો તેને સત્સંગી કહીએ.(બા.૩)

અને આ બે પ્રકારે જે વાર્તા છે તેને દૈવી જીવ સાંભળે ત્યારે તેના હૃદયમાં લાગીને રગરગમાં પ્રવર્તી જાય, ને જે આસુરી જીવ હોય ને તે સાંભળે ત્યારે તેને તો કાનથી બહાર જ નીકળી જાય પણ હૃદયમાં ઊતરે નહિ, જેમ શ્વાન હોય ને

તે ખીર ખાય તે તેના પેટમાં રહે જ નહિ; વમન થઈ જાય, ને ખીર જેવું કાંઈ ભોજન સરસ ન કહેવાય, તો પણ તે શ્વાનના પેટમાં રહીને રગરગમાં પ્રવર્તે નહિ, ને તે ખીરને માણસ ખાય ત્યારે તેને પેટમાં રહે ને રગરગમાં પ્રવર્તે ને બહુ સુખ થાય, તેમ શ્વાન જેવો જે આસુરી જીવ તેના હૃદયમાં તો આ વાત પેસે જ નહિ, ને માણસ જેવો જે દૈવી જીવ તેના હૃદયમાં ઊતરે ને રગરગમાં વ્યાપી જાય.(બા.૪)

અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે, ને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાર્ધમ્યપણાને પામ્યા છે, તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી ને જો ભગવાન જેવા જ થાય તો તો ભગવાન ઘણાક થાય, ત્યારે તો જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. કેમ જે એક ભગવાન કહેશે જે હું જગતની ઉત્પત્તિ કરીશ ને બીજો કહેશે હું જગતનો પ્રલય કરીશ, અને વળી એક ભગવાન કહેશે હું વરસાદ કરીશ ને બીજો કહેશે હું નહિ કરું, ને એક કહેશે હું માણસના ધર્મ પશુમાં કરીશ, ને બીજો કહેશે હું પશુના ધર્મ માણસમાં કરીશ, એવી રીતે સ્થિતિ ન રહે. અને આ તો જુઓને જગતમાં કેવી બરાબર અદલ પ્રમાણે સર્વે ક્રિયાની પ્રવૃત્તિ થાય છે, પણ તલભાર પણ ફેર પડતો નથી, માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વેના સ્વામી આ એક જ ભગવાન છે, તથા ભગવાન સંગાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી, માટે ભગવાન તે એક જ છે પણ બીજો આ જેવો થાતો નથી, અને આ સર્વે વાત કરી તે થોડીક છે પણ એમાં સર્વે વાત આવી ગઈ. અને આ વાતનું જે રહસ્ય છે તે જે ડાહ્યો

હોય તેને સમજાય પણ બીજાને સમજાય નહિ, અને આટલી વાત સમજીને જેણે દઢ કરી તેને સર્વે વાત સંપૂર્ણ થઈ; એને કાંઈ કરવું બાકી ન રહ્યું. અને આવી રીતે જે અમે વાત કરી તેને સાંભળીને તે વાતની જે ભગવાનના ભક્તને દઢતા હોય તેનો સંગ રાખવો તો એને આ વાર્તાની દિવસે દિવસે દઢતા થાતી જાય.(બા.૫)

અને આ વાત જે અમે કરીએ છીએ, તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા, તથા સિદ્ધાઈ જણાવવા સારુ નથી કરતા; આ તો અમારી અજમાવેલ વાત છે, ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ, કેમ જે અમારે સ્ત્રી-ધનાદિક પદાર્થનો ભારે યોગ છે, તથા પંચવિષયનો ભારે યોગ છે, તથા સુરત, અમદાવાદ, વડોદરે, વરતાલે જાઈએ છીએ ત્યારે હજારો માણસ ભેગાં થાય છે, ને તે માને છે તથા વાજતે-ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે, તથા ત્યાં ત્યાં ભારે ભારે જાયગાઓ જોવામાં આવે છે, તથા ભારે વસ્ત્ર, વાહનાદિકનો યોગ થાય છે એ સર્વે છે; તથાપિ પોતાના આત્મા સામી દૃષ્ટિ કરીએ છીએ તથા ભગવાનના માહાત્મ્ય સામી દૃષ્ટિ કરીએ છીએ ત્યારે એ સર્વેનું અતિ તુચ્છપણું થઈ જાય છે; એમાં કોઈ ઠેકાણે બંધાઈ જવાતું નથી, ને પૂર્વ દેહની જેમ વિસ્મૃતિ છે તેમ જ એ સર્વેની વિસ્મૃતિ થઈ જાય છે. માટે એ બે વાત અમારે સિદ્ધ થઈ છે, તે સારુ એમ અમારે વર્તાય છે, અને બીજો પણ જો એ બે વાતને સિદ્ધ કરે તો તેને કદાચિત્ એવો કોઈક યોગ થઈ જાય, તો પણ એને એમ વર્તાય, માટે આ વાત અવશ્ય સમજવાની છે. એવી રીતે શ્રીજીમહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારુ પોતાનું

વર્તન લેઈને વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ શ્રી પુરૂષોત્તમ નારાયણ છે.(બા.૬)

## ઈતિ વચનામૃતમ્ ॥૩૯॥

**રહસ્યાર્થ પ્રદી.** -- આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં શ્રીજીમહારાજે કહ્યું છે જે દેહમાં અહંબુદ્ધિને પદાર્થમાં મમત્વબુદ્ધિ એ જ માયા છે, તે માયાને ટાળીને અમારે વિષે પ્રીતિ કરવી, અને માયા થકી રક્ષા કરજો ને તમારા સાધુનો યોગ થજો, ને તે સાધુને વિષે હેત ને મમત્વ થજો, એમ અમારી પાસે માગવું. (૧) અને સાધુ સાથે કોઈક નિમિત્તે બોલાચાલી થાય તો પોતાને આત્મા જાણતા હોઈએ તો સાધુનો અવગુણ ન આવે, માટે પોતાને દેહથી પૃથક્ આત્મા જાણવો તે આત્મા તેજસ્વી છે, જાણપણે યુક્ત છે ને અજર-અમર છે. (૨) અને અમે અનંત બ્રહ્માંડના રાજા છીએ, ને અતિશે સુખમય છીએ ને સર્વેને સુખના દાતા છીએ ને સર્વેના કર્તા છીએ ને અતિશે સમર્થ છીએ, આવું અમારું માહાત્મ્ય જાણે તો અમારા વિના બીજેથી વૈરાગ્ય થાય ને અમારે વિષે પ્રીતિ થાય ને આત્મા-પરમાત્માના જ્ઞાનનો વેગ લગાડી દે તો આ જ્ઞાન સિદ્ધ થાય, ને ઇંદ્રિયોની વૃત્તિ વિષયમાંથી નીકળીને અમારે વિષે વળગે ને તેને જ સત્સંગી કહીએ. (૩) અને આ વાત દૈવી જીવને રગરગમાં પ્રવર્તી જાય, ને આસુરી જીવને બહાર નીકળી જાય. (૪) અને અમે એક જ ભગવાન છીએ પણ અમારા જેવો કોઈ થતો નથી, આ વાત સમજાય તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી, ને આવી દઢતાવાળાનો સંગ રાખવો. (૫) ને આત્મા તથા અમારા માહાત્મ્ય સામી દૃષ્ટિ રાખે તો કોઈ ઠેકાણે બંધાય નહિ. (૬) બાબતો છે.

પ્ર.૧ ત્રીજી બાબતમાં આત્મા-પરમાત્મામાં વેગ લગાડવો એમ કહ્યું તે પરમાત્મા તો શ્રીજીમહારાજ છે પણ આત્મા કિયો જાણવો? ને વેગ લગાડનાર કોને જાણવો?

ઉ.૧ ત્રણ દેહથી નોખો એવો જે જીવાત્મા તે પોતે પોતાને વિષે

ને શ્રીજીમહારાજને વિષે વેગ લગાડે એમ કહ્યું છે તે (પ્ર. ૨૦ના પહેલા પ્રશ્નમાં) પોતે પોતાને જોતો નથી તે જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે એમ કહ્યું છે, માટે જીવ પોતે પોતાને વિષે વેગ લગાડે જે હું બ્રહ્મરૂપ એવો આત્મા છું ને મારે વિષે શ્રીજીમહારાજ રહ્યા છે એવો આલોચ રાખીને પોતાના આત્માને શ્રીજીમહારાજના તેજરૂપ માનીને તેને વિષે શ્રીજીમહારાજની મૂર્તિને અખંડ ધારે એમ કહ્યું છે, પણ જોનારો આત્મા ને જોવાનો આત્મા જુદો નથી.

---

## વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૧૩

સંવત ૧૮૭૮ના શ્રાવણ વદિ અમાવાસ્યાને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રી વાસુદેવનારાયણના મંદિરની ઓસરીએ ચાકળા ઉપર વિરાજમાન હતા, ને ધોળો ખેસ પહેર્યો હતો, તથા ધોળી ચાદર ઓઢી હતી, ને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી, અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પોતાના બે ભુજ ઊંચા ઉપાડીને સર્વેને છાના રાખ્યા ને પછી પોતાના મુખારવિંદની આગળ સ્તુતિ કરીને બેઠા એવા જે સંત તે પ્રત્યે શ્રીજીમહારાજ એમ બોલતા હવા જે,

(પ્ર.૧) હે સંતો! જે મોટેરા હો ને વાતમાં સમજતા હો તે આગળ બેસો ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજ્યો, અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધાર્યા સારુ નથી કરવી; એ તો એમ જાણીએ છીએ જે, આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય તે સારુ કરીએ છીએ, અને આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે, ને એ વાત સભામાં કર્યા જેવી નથી; તો પણ

સભામાં કરીએ છીએ જે, મારે સહજ સ્વભાવે એમ વર્તે છે જે, આ સંસારને વિષે જે અતિ રૂડો શબ્દ તથા અતિ રૂડો સ્પર્શ તથા અતિ રૂડો ગંધ તથા અતિ રૂડો રસ તથા અતિ રૂડું રૂપ એ જે પંચવિષય તેમાં હું મારા જીવને બાંધવાને ઈચ્છું તો પણ નથી બંધાતો ને એમાં અતિશે ઉદાસ રહે છે. અને એ જે સારા પંચવિષય તથા નરસા પંચવિષય તે બેય સમ વર્તે છે, અને રાજા તથા રંક તે પણ સમ વર્તે છે, અને ત્રિલોકીનું રાજ્ય કરવું તથા ઠીકરું લેઈને માગી ખાવું તે પણ સમ વર્તે છે, અને હાથીને હોદ્દે બેસવું તથા પગપાળા ચાલવું તે પણ સમ વર્તે છે, ને કોઈક ચંદન તથા પુષ્પ તથા સારાં વસ્ત્ર તથા ઘરેણાં ચડાવે તથા ધૂળ નાખે તે બેય સમ વર્તે છે, ને કોઈક માન આપે તથા કોઈક અપમાન કરે તે બે પણ સમ વર્તે છે, તથા સોનું, રૂપું, હીરો તથા કચરો તે બેય સમ વર્તે છે, અને આ હરિભક્ત બહુ મોટો છે ને આ હરિભક્ત નાનો છે એમ પણ નથી જણાતું; બધાય હરિભક્ત સરખા જણાય છે, અને મારા અંતઃકરણને વિષે અતિ તીવ્ર વૈરાગ્ય વર્તે છે તેનો પણ ભાર નથી જણાતો, જેમ કોઈકે માથે પાણો ઉપાડ્યો હોય તથા રૂપિયા ને સોનામહોરની વાંસળી કેડે બાંધી હોય તેનો ભાર જણાય છે તેમ ભાર નથી જણાતો, ને મારે વિષે સદ્ધર્મ છે તેનો પણ ભાર નથી જણાતો, તથા મારે વિષે જ્ઞાન છે જે, હું બ્રહ્મ છું; કોઈ દિવસ જીવ નથી તેનો પણ ભાર નથી જણાતો, અને આ જે હું ઉપર થકી કોઈક પદાર્થને વખાણું છું ને કોઈક પદાર્થને કુવખાણું છું તે તો જાણી જાણીને કરું છું, અને જે જે પદાર્થને વિષે ઈંદ્રિયોની વૃત્તિને બળાત્કારે જોડું છું તે માંડ માંડ તે પદાર્થ સન્મુખ રહે છે, અને જ્યારે ઢીલી મેલું છું ત્યારે તરત પાછી

વળી આવે છે, જેમ આકાશને વિષે પથરો ફગાવીએ તે જ્યાં સુધી હાથને જોરે કરીને ઠેલાય ત્યાં સુધી જ આકાશને વિષે રહે ને પછી પાછો પૃથ્વીને વિષે આવીને પડે છે, અને જેમ પૂંછલેલ ઢોર હોય તેને માણસ બળાત્કારે કરીને જ્યાં સુધી ઊંચું ઝાલી રાખે ત્યાં સુધી રહે ને જ્યારે મૂકી દે ત્યારે ધબ લેઈને પડી જાય, અને જેમ કોઈક પુરુષ સૂઝે એટલો બળિયો હોય ને દાંતે આખી સોપારી ભાંગી નાખતો હોય અને તે પુરુષને દશવીશ કાગદી લીંબુ ચુસાવ્યાં હોય પછી તે શેકેલ ચણા પણ માંડ માંડ ચાવે, તેમ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ તો માંડ માંડ જોડાય છે. તે આ જે એમ મુને વર્તે છે તેનું શું કારણ છે, તો મારી ઇંદ્રિયોની જે વૃત્તિ છે તે પાછી વળીને સદા હૃદયને વિષે જે આકાશ છે તેને વિષે વર્તે છે. અને તે હૃદયાકાશને વિષે અતિશે તેજ દેખાય છે, જેમ ચોમાસાને વિષે આકાશમાં વાદળાં છાઈ રહ્યાં હોય તેમ મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે, અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમય છે ને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી; અતિશે શ્વેત જણાય છે, ને તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશે મનોહર છે, પણ ચાર ભુજા કે અષ્ટ ભુજા કે સહસ્ર ભુજા તે એ મૂર્તિને નથી; એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે, તે મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી દેખાય છે ને ક્યારેક હરતીફરતી દેખાય છે ને એ મૂર્તિને ચારે કોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે તે સર્વ મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે, તે મૂર્તિને અમે પ્રગટ

પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા, અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. અને જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહિ અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થાશે નહિ; સહેજે જિતાઈ જશે.(બા.૧)

અને એ જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ, તથા બ્રહ્મ કહીએ, ને અક્ષરધામ કહીએ. અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે, તેને આત્માનું તત્વ કહીએ. તથા પરબ્રહ્મ કહીએ, તથા પુરૂષોત્તમ કહીએ તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઇચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે. તે ભગવાન ક્યારેક તો બે તત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે ને ક્યારેક ચાર તત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે અને ક્યારેક પાંચ તત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે, અને ક્યારેક ચોવીશ તત્વને ગ્રહણ કરીને પ્રગટ થાય છે, ને ક્યારેક તો કૈવલ્યપણે પ્રગટ થાય છે, માટે આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી ને અક્ષરધામના પતિ છે તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે જે:-

न तद्भासयते सूर्यो न शशांको न पावकः ।
यद्‌गत्व न निवर्त्तंते तद्धाम परमं मम ॥

માટે શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્ય જેવા જણાતા હતા તો પણ અક્ષરાતીત કૈવલ્ય મૂર્તિ જ છે અને ભગવાન જે મનુષ્ય દેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે ત્યારે એ ધ્યાનના કરનારાને એ મૂર્તિ તેજોમય એવી અક્ષરધામને વિષે કૈવલ્ય સ્વરૂપે ભાસે છે ને ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે અને પરમપદને પામે છે, માટે ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે. એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે. અને એ અક્ષરાતીત જે પુરૂષોત્તમ ભગવાન છે તે જ સર્વ અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરૂષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરૂષોત્તમને વિષે લીન થાય છે; તે જ્યારે ભગવાન મૂર્તિ ધરીને પાછા અંતર્ધાન થાય છે ત્યારે તે જે ભગવાનની મૂર્તિ તે ક્યારેક તો મનુષ્યની પેઠે આ પૃથ્વીને વિષે પડી રહે છે, તે જેમ શ્રીકૃષ્ણની મૂર્તિને ખોળામાં લેઈને રુક્મિણીજી બળી મૂઆં, તથા ઋષભદેવનો દેહ હતો તે દાવાનળને વિષે બળી ગયો, એમ પણ થાય. અને ક્યારેક તો હાડ-માંસ સહિત દિવ્યભાવ પામીને કાંઈ રહે નહિ; અંતર્ધાન થઈ જાય. અને જ્યારે પ્રગટ થાય ત્યારે પણ ક્યારેક તો સ્ત્રી થકી જન્મ ધરે, ને ક્યારેક તો

પોતાની ઈચ્છામાં આવે ત્યાં થકી પ્રગટ થઈ આવે છે, એમ એ ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને જ્યારે એવું ભગવાનનું સ્વરૂપ છે તેને દૃઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય. (બા.૨)

ને એ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાગશે નહિ અને તમે એમ કહેશો જે, અમને તો એ સ્વરૂપની તમે જેમ કહો છો તેમ દૃઢતા છે તો પણ પ્રાણ-ઇંદ્રિયો કેમ લીન નથી થાતાં? તો એ તો પરમેશ્વરની ઈચ્છાએ કરીએ એમ રહ્યું છે એમ સમજવું, પણ તેને કાંઈ કરવું રહ્યું નથી; એ તો કૃતાર્થ છે અને એ તો સર્વ સાધનના અંતને પામ્યો છે અને જો ભગવાનના સ્વરૂપની આવી રીતે દૃઢતા હોય ને કદાચિત્ જો નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ ને નિઃસ્નેહ એમાં કાંઈક થોડી ઘણી કાચ્યપ રહી જાય તો તેની કાંઈ ચિંતા નથી, પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાગશે નહિ. માટે દેહ છતે જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો ને આ વાર્તા યથાર્થ સમજાણી હોય ને કોઈક પ્રારબ્ધ કર્મને વશ થઈને જો કોઈક નીચ-ઊંચ દેહની પ્રાપ્તિ થાય તો પણ વૃત્રાસુરની પેઠે જ્ઞાન જાય નહિ, તથા જેમ ભરતજીને મૃગનો દેહ આવ્યો તો પણ પૂર્વ જન્મનું જ્ઞાન ટળ્યું નહિ એવું આ જ્ઞાનનું અતિશે માહાત્મ્ય છે. અને નારદ-સનકાદિક ને બ્રહ્માદિક દેવ તેમની સભામાં પણ નિરંતર આ જ વાર્તા થાય છે અને આવી ભગવત્સ્વરૂપ

સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિ બળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી અને જેને આવી રીતે યથાર્થ ભગવાનનું સ્વરૂપ સમજ્યામાં આવ્યું છે તેને જો ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળને વિષે દૃષ્ટિ પહોંચતી હોય તો પણ તેને એ વાતનો કાંઈ ગર્વ હોય નહિ, અને કોઈને વર કે શાપ દે નહિ ને કોઈ ઠેકાણે વર કે શાપ દે પણ ખરા, ને કોઈ ઠેકાણે નિર્ભય રહે ને કોઈ ઠેકાણે બીએ પણ ખરા, પણ તેણે કરીને પોતે કાંઈ હર્ષ-શોક મનમાં લાવે નહિ. અને જેને ભગવાનનો આ કહ્યો એવી રીતે દૃઢ આશ્રય હોય તે જાણીને તો ભૂંડું કર્મ કરે જ નહિ પણ કદાચિત્ ભૂંડા દેશ-કાળાદિકને યોગે કરીને જો કાંઈક અવળું કર્મ થઈ જાય, તો પણ તે દૃઢ આશ્રયવાળો કલ્યાણના માર્ગ થકી પડી જાય નહિ, માટે એ જે ભગવાનનો દૃઢ આશ્રય છે એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી. એ વાત જેને સમજાણી હોય તેનો તો અતિ મોટો આશય હોય, જુઓને અમારે પરમહંસ તથા સત્સંગી સમસ્ત પાસેથી કાંઈ સ્વાર્થ સાધવો નથી, તો પણ કોઈને બોલાવીએ છીએ, કોઈને વઢીએ છીએ ને કોઈને કાઢી મૂકીએ છીએ, તેનું એ જ પ્રયોજન છે જે કોઈ રીતે આ વાત સમજાય તો બહુ સારું થાય, માટે આ વાર્તા છે તે સર્વે દૃઢ કરીને રાખજ્યો, અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજ્યો, ને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે એમ જાણશો, તો

પણ તમારે મારે વિષે હેત રહેશે તેણે કરીને તમારું પરમ કલ્યાણ થાશે અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજ્યો પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા, આજ છે તેવી જ કાલ નવી ને નવી રાખજ્યો, અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો, અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે, અને આ વાર્તા એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે, ને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે, ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે, અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. ને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો અમને સર્વે પરમહંસના સમ છે, એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પરોક્ષપણે પોતાના પુરૂષોત્તમપણાની વાર્તા કરી તેને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે એમ જ માનતા હવા જે, જે તેજને વિષે મૂર્તિ કહી તે જ આ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ પ્રમાણ છે.(બા.૩)

## ઈતિ વચનામૃતમ ॥ ૧૩ ॥

**રહસ્યાર્થ પ્રદી.** -- આમાં કૃપાવાક્ય (૧) છે. તેમાં શ્રીજીમહારાજે પોતાને મિષે પોતાના મુક્તની સ્થિતિ કહી છે જે અમારા મુક્તને સારા-નરસા વિષય, માન-અપમાન, કચરો-કંચન સમ વર્તે છે અને વૈરાગ્યાદિક સાધનનો ભાર નથી રહેતો અને બળાત્કારે વૃત્તિને વિષય સન્મુખ જોડે તો માંડ માંડ જોડાઈને પાછી વળી આવે છે તેનું કારણ એ છે જે, અમારા તેજમાં દિવ્ય તેજોમય દ્વિભુજ મૂર્તિ, સૌમ્ય ને કિશોર એવા અમને સદાય દેખે છે, એવી રીતે અમને જાણે ને દેખે તેને

પણ ક્યાંય આસક્તિ રહે નહિ. (૧) અને એ અમારા પ્રકાશનાં આત્મા, બ્રહ્મ ને અક્ષરધામ એ ત્રણ નામ છે અને અમારાં પરમાત્મા, પરબ્રહ્મ ને પુરૂષોત્તમ એ ત્રણ નામ છે, અને અમે જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, અને ક્યારેક તત્વને ગ્રહણ કરીને પ્રગટ થઈએ છીએ અને ક્યારેક કૈવલ્યપણે પ્રગટ થઈએ છીએ, અને આ લોકને વિષે મનુષ્ય જેવા દેખાઈએ છીએ, પણ અક્ષરધામના પતિ છીએ, અને શ્રીકૃષ્ણને દૃષ્ટાંતે કહ્યું છે કે અમે અક્ષરાતીત કહેતાં અમારા તેજરૂપ અક્ષરધામ તેથી અતીત એટલે પર છીએ ને કૈવલ્ય મૂર્તિ છીએ ને અમારું ધ્યાન કરનારાને કૈવલ્યરૂપે દર્શન આપીએ છીએ ને તે પરમપદને પામે છે અને અમારા સંબંધને પામે તે જગ્યા, પદાર્થ ને સેવક તે સર્વે નિર્ગુણ થાય છે, અમને આવા જાણે છે તે સ્વતંત્ર થાય છે. અને અમે સર્વ અવતારના કારણ છીએ, ને સર્વ અવતાર અમારામાંથી પ્રગટ ને અમારામાં લીન થાય છે. અને અમારી પ્રગટ થવાની તથા અંતર્ધાન થવાની રીત અલૌકિક છે. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનના દેહ ત્યાગ કર્યાનું દૃષ્ટાંત આપ્યું છે અને આવા અમને સમજે તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય નહિ. (૨) અને આ વાર્તા સદ્‌ગ્રંથોમાં હોય પણ અમારા ધામમાંથી આવેલા મુક્તના મુખ થકી જ સમજાય છે અને આવું અમારું સ્વરૂપ સમજ્યામાં આવે તેને ત્રિકાળદૃષ્ટિનો ગર્વ કે હર્ષ-શોક હોય નહિ ને આવો નિર્વિઘ્ન માર્ગ બીજો નથી, માટે આ વાર્તા દૃઢ કરીને રાખજ્યો. અને તેજમાં મૂર્તિ કહી તે અમે પોતે જ છીએ એમ જાણજ્યો ને આ વાતનું બીજ લાવજો, એટલે જે જે વાત કરો તેમાં અમે સર્વેથી પર ને સર્વેના કારણ છીએ અને અમારા તેજરૂપ અક્ષરધામમાં સદાય વિરાજમાન છીએ એ વાત લાવજ્યો. (૩) બાબતો છે.

પ્ર.૧ મોટેરા હો તે આગળ બેસો એમ કહ્યું તે મોટેરા કોને જાણવા?

ઉ.૧ પોતાના સિદ્ધમુક્તો જે આ વાતમાં સમજે છે તેમને આ ઠેકાણે મોટેરા કહ્યા છે.

પ્ર.૨ પહેલી બાબતમાં આ વાત સભામાં કર્યા જેવી નથી એમ કહ્યું તેનું શું કારણ હશે?

ઉ.૨ પોતે પોતાનાં વખાણ સભામાં ન કરવાં એમ પોતાના આશ્રિતોને સૂચવ્યું છે.

પ્ર.૩ અમારા જીવને બાંધવાને ઈચ્છીએ તો પણ નથી બંધાતો એમ કહ્યું તે શ્રીજીમહારાજ તો સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન છે તેમણે પોતાને જીવ કેમ કહ્યા હશે?

ઉ.૩ જે આધાર, વ્યાપક ને પ્રકાશક હોય તે જીવ કહેવાય તે જેમ આ દેહનો પ્રકાશક ને હલાવનાર-ચલાવનાર ચૈતન્ય છે તેને જીવ કહેવાય છે, તેમ શ્રીજીમહારાજ જીવ, ઈશ્વર, બ્રહ્મ, અક્ષરાદિક સર્વના આધાર, આત્મા, વ્યાપક ને પ્રકાશક છે, એવી રીતે સર્વને જીવાડનારા હોવાથી જીવ કહ્યા છે.

પ્ર.૪ સર્વે હરિભક્ત સરખા જણાય છે પણ નાના મોટા નથી જણાતા એમ કહ્યું તેનું શું કારણ હશે?

ઉ.૪ જે ભક્ત અંતર્વૃત્તિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને દેખે ત્યારે તે ભક્તને સારા નરસા વિષય તથા નાના-મોટા, રાજા-રંક, માન-અપમાન, કચરો-કંચન એ સર્વે સમ થઈ જાય છે તે એવા ભક્તને ભેદ રહેતો નથી એમ કહ્યું છે પણ નાના મોટા એવો ભેદ નથી એમ નથી કહ્યું; ભેદ તો સદાય છે જ અને જ્ઞાન-વૈરાગ્યાદિક સાધનનો ભાર એટલે મહત્તા રહેતી નથી પણ સાધન મૂકી દે છે એમ ન જાણવું.

પ્ર.૫ જ્ઞાન-વૈરાગ્યાદિકનાં રૂપ શાં હશે?

ઉ.૫ શ્રીજીમહારાજની મૂર્તિ વિના શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામને વિષે પણ પ્રીતિ નહિ તે વૈરાગ્યનું રૂપ છે. અને સ્થૂળ દેહે કરીને શ્રીજીમહારાજનાં નાનાં મોટાં વચન પાળવાં તથા અંતઃકરણમાં શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થાય તે સદ્ધર્મનું રૂપ છે. અને શ્રીજીમહારાજનાં તેજરૂપ જે બ્રહ્મ તે રૂપ પોતાને માનવું તે આંહી જ્ઞાનનું

સ્વરૂપ છે.

પ્ર.૬ મૂર્તિ ઘનશ્યામ છે પણ અતિશે તેજે કરીને શ્વેત જણાય છે એમ કહ્યું તે મૂર્તિને ઘનશ્યામ કહી ને તેજને શ્વેત કહ્યું તે ઘનશ્યામ મૂર્તિનું તેજ શ્વેત શી રીતે હોવું જોઈએ?

ઉ.૬ અમે આંહીં મનુષ્યભાવે ઘનશ્યામ દેખાઈએ છીએ પણ જેને અમારે વિશે સ્થિતિ થાય છે તે અમને અમારા તેજમાં જેવાં શ્વેતમૂર્તિ છીએ તેવા જ દેખે છે, માટે મનુષ્યભાવે શ્યામ જણાઈએ છીએ એમ કહ્યું છે.

પ્ર.૭ અમે માતાના ઉદરને વિષે ભગવાનની મૂર્તિ દેખતા એમ કહ્યું અને (અ. ૭/૧માં) અમે એક જ ભગવાન છીએ એમ કહ્યું છે તે પરસ્પર વિરોધ આવે છે તે કેવી રીતે સમજવું?

ઉ.૭ આ ઠેકાણે શ્રીજીમહારાજે પોતાના મુક્તની સ્થિતિ કહી છે જે અમારા મુક્ત હોય તે અમારી મૂર્તિને સદાય દેખે છે એમ કહ્યું છે.

પ્ર.૮ બીજી બાબતમાં રામકૃષ્ણાદિક રૂપે અમે પ્રગટ થઈએ છીએ એમ કહ્યું તે રામકૃષ્ણાદિક રૂપે કેવી રીતે પ્રગટ થાતા હશે?

ઉ.૮ રામકૃષ્ણાદિક અવતારોને વિષે પોતાની અંતર્યામી શક્તિદ્વારે રહ્યા છે તેથી એ રૂપે થાય છે એમ જાણવું તે (પ્ર. ૩૩ના સાતમા પ્રશ્નોત્તરમાં) કહ્યું છે અને તે અવતારો તેમના ધામમાં લઈ જાય એટલું કલ્યાણ કરે છે, પણ આત્યંતિક કલ્યાણ તો શ્રીજીમહારાજ તથા એમના મુક્ત જ કરે પણ બીજાથી ન થાય.

પ્ર.૯ ક્યારેક બે તત્વનું, ક્યારેક ચાર તત્વનું, ક્યારેક પાંચ તત્વનું ને ક્યારેક ચોવીશ તત્વનું ગ્રહણ કરીને પ્રગટ થઈએ છીએ અને ક્યારેક કૈવલ્યપણે પ્રગટ થઈએ છીએ એમ કહ્યું તે કેવી રીતે સમજવું?

ઉ.૯ શ્રીજીમહારાજ પ્રકૃતિપુરુષ થકી સૃષ્ટિ કરે છે તે સૃષ્ટિમાં અનુક્રમે તથા કૈવલ્યપણે અવતાર ધારે છે એમ (પ્ર. ૬૩ના ચોથા પ્રશ્નમાં) કહ્યું છે તે જ્યારે અનુક્રમે અવતાર ધારે છે ત્યારે પ્રકૃતિપુરુષ

દ્વારે ધારે છે તે એક તત્ત્વ પુરુષ ને બીજું તત્ત્વ પ્રકૃતિ એમ બે તત્ત્વો કહ્યાં છે અને પ્રધાનપુરુષ દ્વારે ધારે ત્યારે તે પ્રધાનપુરુષમાં પ્રકૃતિ અને પુરુષ બેનો પ્રવેશ હોય છે, માટે એ બે તત્ત્વને પ્રધાન ને પુરુષ એ બે તત્ત્વ મળીને ચાર તત્ત્વ કહ્યાં છે, અને મહત્તત્ત્વદ્વારે અવતાર ધારે ત્યારે તે મહત્તત્ત્વ મળીને પાંચ કહ્યાં છે અને વૈરાજ રૂપે ધારે ત્યારે ચોવીશ તત્ત્વનું ગ્રહણ કરીને પ્રગટ થાય છે એમ કહ્યું છે એવી રીતે તત્ત્વનું ગ્રહણ કરે છે એમ જાણવું, અને જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા સારુ પોતે આવે તે કૈવલ્યરૂપે પ્રગટ થાય છે એમ કહ્યું છે.

પ્ર.૧૦ સર્વ અવતાર અમારે વિષેથી પ્રગટ થાય છે ને પાછા અમારે વિષે લીન થાય છે એમ કહ્યું તે પ્રગટ ને લીન કેવી રીતે થાતા હશે?

ઉ.૧૦ શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રહ્યા છે તે મુક્તો જીવોના મોક્ષ કરવા શ્રીજીમહારાજના સંકલ્પથી આંહીં દર્શન આપે છે અને જીવોનો ઉદ્ધાર કરીને અંતર્ધાન થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં લીન થઈ જાય છે એવી રીતે મુક્તદ્વારે પ્રગટ થાય છે. અને જેમ લોઢામાં અગ્નિ જ્વાળાદ્વારે આવે છે ને પાછો નીકળી જાય છે તેમ બીજા અવતારોમાં પોતાનું ઐશ્વર્ય મૂકે છે ને પાછું લઈ લે છે એમ પ્રગટ ને લીન સમજવું.

પ્ર.૧૧ આવી રીતે અમારા સ્વરૂપની દૃઢતા હોય તેને કદાચિત્ નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ એમાં થોડી-ઘણી કાચ્યપ રહી જાય તેની કાંઈ ચિંતા નથી એમ કહ્યું તે કાચ્યપ કેટલી હોય તો વાંધો ન રહે?

ઉ.૧૧ શ્રીજીમહારાજને સર્વેના કારણ ને અવતારી ને સદા દિવ્ય તેજોમય સાકાર મૂર્તિ સમજે તે સ્થૂળ દેહે તો નાનાં-મોટાં વચન શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ તથા ધર્મામૃતમાં કહ્યા પ્રમાણે યથાર્થ પાળે પણ સંકલ્પ ટાળી નાખ્યા ન હોય તે કાચ્યપ કહી છે તે કાચ્યપ હશે તો પણ તેનું અંતે પૂરું કરીશું એમ શ્રીજીમહારાજે કહ્યું છે.

પ્ર.૧૨ ત્રીજી બાબતમાં નારદ-સનકાદિક ને બ્રહ્માદિકની સભામાં નિરંતર આ વાર્તા થાય છે એમ કહ્યું અને (મ. ૯/૫માં) નારદ, સનકાદિક ને બ્રહ્માદિક તે આ વાર્તા સાંભળે તો એમ કહે જે આવી વાર્તા અમે કોઈ દિવસ સાંભળી નથી એમ કહ્યું છે તે પરસ્પર વિરોધ આવ્યો તે કેમ સમજવું?

ઉ.૧૨ (મ. ૯માં) શ્રીજીમહારાજ તથા મુક્ત પધાર્યા પહેલાંની વાત કરી છે જે અમે મનુષ્યરૂપે દર્શન નહોતા આપ્યાં ત્યારે એમણે આ વાત સાંભળી નહોતી અને આજ અમે ને અમારા મુક્ત પધાર્યા ત્યારથી નિરંતર એમની સભામાં આ વાર્તા થાય છે તે (જે. ૫/૩માં) અમારાં ને આ સભાનાં દર્શન કરવા નિરંતર આવે છે તે શ્રીજીમહારાજ તથા મુક્ત પધાર્યા ત્યારથી નિરંતર સમજવું, માટે નવમામાં પોતે પધાર્યા પહેલાંની વાત છે ને આમાં પોતે પધાર્યા પછીની વાત કહી છે.

પ્ર.૧૩ સદ્‌ગ્રંથમાં વાત હોય તે સત્પુરુષના મુખ થકી સમજાય છે એમ કહ્યું ને તમે ધામમાંથી આવેલા મુક્તથી સમજાય છે એમ કેમ કહ્યું?

ઉ.૧૩ સત્પુરુષ 'પ્રગટ થાય છે' ત્યારે સમજાય છે એમ કહ્યું, તે સાધનિકને 'પ્રગટ થાય' એમ કહેવાય નહિ; ધામમાં રહેતા હોય તેને જ 'પ્રગટ થાય' એમ કહેવાય. માટે પ્રગટ થાય એમ કહેવાથી જ મુક્તને જ કહ્યા છે એમ જાણવું માટે મહાપ્રભુ વિના કે તેમના મુક્ત વિના આ વાત સમજાતી નથી.

પ્ર.૧૪ તેજમાં મૂર્તિ છે તેને અમે દેખીએ છીએ એમ જાણશો તો પણ તમારું પરમ કલ્યાણ થાશે એમ શ્રીજીમહારાજે કહ્યું તે એમ જાણવાથી પરમ કલ્યાણ શી રીતે થાય?

ઉ.૧૪ શ્રીજીમહારાજે અમે ભગવાન છીએ એમ કહ્યું તેમાં કેટલાકને સંશય થયો, તેથી શ્રીજીમહારાજે કહ્યું જે અમને ભગવાન ન જાણો તો મુક્ત જાણજ્યો એટલે તમારે મુક્તપણાનું હેત થશે તેણે કરીને વિશ્વાસ આવશે ત્યારે અમારે વિષે ભગવાનપણાની દૃઢતા થાશે ને તમારું પરમ કલ્યાણ થાશે એમ સમજવાનું છે.

પ્ર.૧૫ દઢ આશ્રયવાળાને ભૂંડા દેશકાળાદિકને યોગે કરીને અવળું કર્મ થઈ જાય તો પણ કલ્યાણના માર્ગથી પડી જાય નહિ એમ કહ્યું તે અવળું કર્મ કિયું જાણવું?

ઉ.૧૫ પંચ વર્તમાન માંહીલું કોઈક વર્તમાન લોપાઈ જવાય અથવા કાંઈક પાપ થઈ જાય, એ કર્મ અવળું જાણવું. તો પણ શ્રીજીમહારાજનો દઢ આશરો હોય તો કલ્યાણના માર્ગમાં રહે પણ પડી જાય નહિ પણ પાપનો દંડ ભોગવાવીને મોક્ષ કરે ને આ દેહે પ્રાયશ્ચિત્ત ન કરે તો બીજે દેહે પણ દંડ ભોગવાવીને મોક્ષ કરે પણ દંડ ભોગવાવ્યા વિના મોક્ષ ન થાય.

## વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ : ૧૩

### પરમ પૂજ્ય અનાદિ મુક્તરાજ સોમચંદબાપા કૃત વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણનું ૧૩મું... રાગ : હરિગીત

સંવત અઢાર અઠોતેરાની, અમાવસ્યા શ્રાવણી;
તે દિવસ સહજાનંદ સ્વામી, સકળ વિશ્વતણા ધણી.
ગઢપુરમાં ઉત્તમતણા, દરબારમાં એ શ્રીહરિ;
મંદિર વાસુદેવનારાયણ, તણી જો ઓસરી. ૧

ત્યાં ખેસ ધોળો પહેરી, ચાદર શ્વેત ઓઢી તે પળે;
વળી શ્વેતપાઘ શીરે ધરી, બેઠા હતા પ્રભુ ચાકળે.
તે સમય શ્રીજી મુખારવિંદની, આગળે બેઠી હતી;
મુનિ ને વિવિધ દેશી, હરિજનની સભા બહુ શોભતી. ૨

કરતા હતા સ્તુતિ સંત, ત્યાં તો શાંત પાડી તેહને;
નિજ બે ભૂજા ઊંચા ઉપાડીને, વદ્યા પ્રભુ તે ક્ષણે.
હો સંત મોટેરા અને, જે વાતમાં સમજો ઘણું;
બેસો સમીપે તેહ ધરી, એકાગ્ર મન પોતાતણું. ૩

આ એક વાર્તા જે કહું, તે ચિત્ત રાખી લ્યો સુણી;
તે દંભ કે માને કરી, મોટપ નથી વધવા ઘણી.
કરવી નથી પણ એમ જાણ્યું, સંત હરિજન માંયથી;
સમજાય જો એ કોઈને તો, થાય તેનું રૂડું અતિ. ૪

આ વાત મારી દીઠેલ છે, અનુભવ થકી પણ જેહને;

મેં સિદ્ધ કરી છે ને, સભામાં કહેવાય ન તેહને.
કહીએ છીએ તો પણ, સભામાં જે મને સંસારમાં;
વરતાય સહજ સ્વભાવથી, આ પાંચ વિષય અસારમાં. ૫

અતિ શબ્દ રૂડો સ્પર્શ રૂડો, ગંધ રૂડો રસ યદી;
અતિ રૂપ રૂડું તે મહી, મન બાંધવા ઈચ્છું કદી.
તો પણ નથી બંધાતું તેમાં, પણ ઉદાસ રહે ઘણું;
સારા અને નરસા વિષય, સૌમાં રહે છે સમપણું. ૬

રાજા અને વળી રંક તેહ, જણાય સમ મુજને સહી;
કરવું ત્રિલોકનું રાજ્ય, કે ભીખ માગવી ઠીકરું લહી.
વળી હાથી હોદ્દે બેસવું, કે ચાલવું પાળા પગે;
તે પણ જણાય સમાન, મુજને આ જગમાંહી બધે. ૭

ચંદન ઘરેણાં વસ્ત્ર સારા, પુષ્પથી પૂજા કરે;
ને ધૂળ નાખે કોઈ શીર પર, તે મને સરખું ઠરે.
કો માન આપે કે કરે, અપમાન તે સરખું ગણું;
સોનું રૂપું હીરો તથા, કચરો સફળમાં સમપણું. ૮

હરિભક્ત આ મોટા, અને ભક્ત નાનો તે થકી;
ના એમ પણ મુજને જણાતું, સૌ સમાન દીસે નક્કી.
વેરાગ્ય તીવ્ર અપાર વર્તે, નિત્યમુજ અંતરમહીં;
પણ તે તાણો લવલેશ ભાર, જણાય મુજને તો નહિ. ૯

કોઈએ ઉપાડ્યો હોય પાણો, શીર પર કેડ્યે વળી;
રૂપિયા તથા સોનામહોરની, વાંસળી હોયે ધરી.
તેનો જણાય જ ભાર તેને, તેમ તો મુજને સહી;
સધર્મ જ્ઞાન જ આત્મનિષ્ઠા, તે તણો દીએ નહિ. ૧૦

ઉપર થકી જો કોઈ, વસ્તુને વખાણું હું કદી;
વળી કોઈ વસ્તુને વખોડું, વાતમાં જે હું વદી.
તે જાણી જાણીને કરું, પણ તે પદાર્થ વિષે જહી;
મુજ ઇંદ્રિયોની વૃત્તિને, જોડું બળાત્કારે કરી.૧૧

તે માંડ માંડ પદાર્થ સન્મુખ, તે રહે પણ જે પળે;
ઢીલું મૂકું ત્યારે, અંતર મહી પાછી વળે.
આકાશમાં પથ્થર ફગાવે, હાથના જોરે કરી;
ક્ષણ ત્યાં રહી પૃથ્વી ઉપર, આવે જ પાછો તે ફરી.૧૨

પૂછવેલ ઢોર ઊંચું કરી, જન જોરથી ઝાલી રહે;
પણ ધબ લઈ પડી જાય, જ્યારે તેહને જનના ગ્રહે.
વળી જેમ કોઈ પુરુષ અતિ, બળવાન નીજ દાંતે કરી;
ભાંગી શકે સોપારી આખી, બળ અતિશે વાપરી.૧૩

પણ કાગદી દસ વીસ, લીંબુ જો ચુસાવે એહને;
તો હોય શેકેલા ચણા, પણ માંડ ચાવે તેહને.
તે રીત વૃત્તિ બળે કરી, જો વિષય સન્મુખ જોડીએ;
તો માંડ માંડ વિષય મહીં, જોડાય જો ન મરોડીએ.૧૪

જે આમ વર્તે છે મુને, કહું તેહનું કારણ હવે;
મુજ ઇંદ્રિયોની વૃત્તિ પાછી, વળી હૃદાકાશે રહે.
વર્ષાઋતુમાં વાદળાં, છાઈ રહે આકાશમાં;
રહ્યું તેજ વ્યાપી એકલું, ત્યમ્ મુજ હૃદયાકાશમાં.૧૫

તે તેજમાં ભગવાનની, મૂર્તિ મને દેખાય છે;
જે છે અપાર પ્રકાશમય, ને દ્વિભુજ વેહ જણાય છે.
ઘનશ્યામ મૂર્તિ છતાં જણાયે, શ્વેત અતિશે તેજથી;

બે ચરણવાળી મનોહર, શોભતી બહુ ઓજથી.૧૬

ભૂજ ચાર અષ્ટ સહસ્ત્રવા, તે મૂર્તિને દિસતા નથી;
પણ તે મનુષ્ય સમી કિશોર, સ્વરૂપ સૌમ્ય દીસે અતિ.
તે મૂર્તિ ક્યારેય તેજમાં, ઊભી મને દેખાય છે;
ક્યારેક બેઠી દીસતી કદી, હરતી ફરતી જણાય છે.૧૭

એ મૂર્તને ચારે દિશે, મંડળ મુને મૂક્તો તણાં;
દેખાય છે બેઠા ભરાઈને, પ્રભુ પાસે ઘણા.
તે સર્વ મુક્તો એક નજરે, મૂર્તિ સામું જોય છે;
તે મૂર્તિ પ્રગટ પ્રમાણ, હમણાં પણ મને દેખાય છે.૧૮

સત્સંગમાં આવ્યા નહોતા, તે સમે પણ દેખતા;
માતા તણા ઉદર મહીં, પણ દેખતાં જ અમે હતા.
વળી ગર્ભમાં આવ્યા અગાઉ, પણ મને તે ભાસતી;
આ બોલીએ પણ ત્યાં જ, બેઠા એમ હું દેખું નક્કી.૧૯

સર્વે તમે પણ ત્યાં જ બેઠા, એમ દેખું છું અહીં;
પણ આ નગર ગઢપુર, કે આ ઓસરી કાંઈ નહિ.
એ સ્વરૂપ જ્યારે જેહને, જાણ્યાં મહીં આવે નક્કી;
તેને છૂટે આસક્તિ અમ પેઠે, વિષયમાં સુખ થકી.૨૦

એ સ્વરૂપને દેખો તમે પણ, પૂર્ણ સમજાતું નથી;
એ વાત જ્યારે સમજશો, ત્યારે તમોને પણ નક્કી.
નહિ થાય કાંઈ પ્રયાસ નક્કી, કામ ક્રોધ જીત્યા વિષે;
કે પંચવિષય જીત્યા મહીં, પણ સહજ જિવાઈ જશે.૨૧

આ એક રસ જે તેજ છે, કહીએ જ આત્મા તેહને;
વળી બ્રહ્મ કહીએ તેમ, અક્ષરધામ નામ જેહને.

એ તેજમાં ભગવાનની, જે મૂર્તિ મેં તમને કહી;
તે તત્ત્વ આત્માનું તથા, પરબ્રહ્મ પુરુષોત્તમ સહી. ૨૨

ભગવાન તેજ નિજે રહ્યાં, કલ્યાણ અર્થે જીવના;
જુગ જુગ વિષે પ્રગટે ધરી, રૂપ રામ કૃષ્ણાદિક ઘણા.
આ લોકમાંહી મનુષ્યસમ, ભગવાન તેહ જણાય છે;
તો પણ મનુષ્ય સમાનથી, પણ અક્ષરેશ સદાય છે. ૨૩

સૂર્યો ન ભાષ્યતે શશાંક, પાવકો કપીચ્ચતુદા;
યત્વા નિવર્તતે, નયન્ધામ પરમંમ્ સદા.
ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે, શ્રીમુખે ગીતામહીં;
એ મૂર્તિ નરરૂપ તોય, કૈવલ્ય અક્ષરાતીત છે સહી. ૨૪

ભગવાન દેહ મનુષ્યનો, ધારે છે તે મૂર્તિ તણું;
જ્યારે કરે જન ધ્યાન ત્યારે, દીસે તેજોમયપણું.
કૈવલ્ય મૂર્તિધામ અક્ષર, માંહી ભાષે તેહને;
જીવ ધ્યાન કરનારો તરી, માયા પરમપદને લહે. ૨૫

માટે ધરે ભગવાન દેહ, મનુષ્યનો પણ છે સહી;
કૈવલ્યરૂપે સર્વદા પણ, દેહ માયિક છે નહિ.
ભગવાન હોય બિરાજતા, જગ્યા વળી જે જે મહીં;
તે જાણવી નિર્ગુણ પદ્યાપિ, નાશવંત દીસે સહી. ૨૬

ભગવાનના ભૂષણ પક્ષના વાહન તથા સેવક સહુ;
વળી ખાનપાનાદિક સકળ, પદાર્થ તે હોય બહુ.
ભગવાનના સંબંધથી, નિર્ગુણ તેહ જણાય છે;
એવી રીતે ભગવાનનું, જેને સ્વરૂપ સમજાય છે. ૨૭

તેને અમારી પેઠ, પંચવિષયે મહીં પ્રીતિ નક્કી;

ન રહે પરંતુ થાય છે જ, સ્વતંત્ર એ સરવ થકી.
એ અક્ષરાતીત જેહ, પુરુષોત્તમ પ્રભુ ભગવાન છે;
પૂર્વે થયા અવતાર તે, સર્વે તણું જ નિદાન છે.૨૮

અવતાર સર્વે પ્રગટ, પુરુષોત્તમ મહીંથી થાય છે;
ને સર્વે પુરુષોત્તમ વિશે, લીન તો થઈ જાય છે.
ભગવાન મૂર્તિ ધારી, અંતર ધ્યાન જ્યારે છે;
ચૈતન્ય કાં તો અન્ય જીવની, પેઠે દેહથી જાય છે.૨૯

જડ જેવી મૂર્તિ પૃથ્વી ઉપર, તે સમે રહે છે પડી;
શ્રીકૃષ્ણ મૂર્તિ પારધિ બાણે, વીંધેલી જ્યમ જડી.
રુક્મણીજી જ બળીમુઆ, ખોળા મહીં જેને લઈ;
વળી ઋષભદેવની કાયા, દાવાનળ વિષે સળગી ગઈ.૩૦

કદી હાડમાંસ સહિત પામી, દિવ્યભાવ બધો વળી;
થઈ જાય અંતરધાન, ત્યારે કોઈ તે ન શકે કળી.
એ પ્રગટ જ્યારે થાય, ત્યારે જન્મ ધારે સ્ત્રી થકી;
કાં તો સ્વઈચ્છાએ વરાહ, નરસિંહ સમ પ્રગટે નક્કી.૩૧

રીત જન્મ ધારી દેહ, મૂકવાની પ્રભુ કેરી સદા;
જાણી અલૌકિક રૂપ, સમજાવશે તમોને તે તદા.
નહીં થાય વિઘ્ન લગાર, પણ કલ્યાણના મારગ મહીં;
ભગવાનના એ સ્વરૂપની, દઢતા વિના તે તો નહીં.૩૨

બહુ ત્યાગ રાખો કે કરો, ઉપવાસ ને વ્રત આકરાં;
પણ કોઈ રીતે ખામી તો, ભાંગે નહીં તેની જરા.
કહેશો તમે એ સ્વરૂપની, દઢતા અમોને છે ખરી;
પણ પ્રાણ ઇંદ્રિય કેમ, લીન થતા નથી તેમાં જરી.૩૩

તો જાણવું જે એમ ઈચ્છા, છે પ્રભુ કેરી સહી;
પણ તેહને કરવાપણું, બાકી રહ્યું કાંઈ નહિ.
થઈ એ કૃતાર્થ જ પામીયો, છે સાધનોમાં અંતેને;
ધરી આવી દૃઢતા સ્વરૂપની, જે પામીયો ભગવંતને.૩૪

નિર્માન ને નિર્લોભ કે, નિષ્કામ વા નિઃસ્વાદમાં;
નિઃસ્નેહમાં થોડી ઘણી, રહી જાય ખોટ પ્રમાદમાં.
ચિંતા ન કરવી કાંઈ પણ, જો સ્વરૂપમાં ભગવાનના;
સમજ્યા મહીં રહેશે કસર, તો ખોટ ભાંગે તેહના.૩૫

માટે સમજવા આ રહસ્ય, ઉપાય કરવો ખંતથી;
જે તે પ્રકારે જ્યાં સુધી, આ દેહ અંત થયો નથી.
આ વાત જો સમજાણી હોય, યથાર્થ રીતે જેહને;
ને નીચ ઊંચ શરીરની, કદી પ્રાપ્તિ થાયે તેહને.૩૬

પણ જ્ઞાન વૃત્રાસુરને, જ્યમ પૂર્વ તણું રહ્યું;
મૃતદેહમાં પણ ભરતજીને, જ્ઞાન નાશ નહિ થયું.
આ જ્ઞાનનું મહાત્મ્ય, અતીશે એ રીતે જાણો સહી;
નારદ અને સનકાદી, બ્રહ્માદિક કેરી સભા મહીં.૩૭

થાયે નિરંતર આજ વાર્તા, વાત આવી તો કહી;
ભગવત સ્વરૂપ તણી, સફળ શાસ્ત્રમાં હોયે વહી.
સમજાય નહીં પોતાતણા, બુદ્ધિબળે સદ્‌ગ્રંથથી;
પણ સત્પુરુષ પ્રગટે તદા, સમજાય તેના મુખ થકી.૩૮

ભગવાનનું જેને સ્વરૂપ, આવી રીતે સમજાય છે;
જો હોય તેહ ત્રિકાળદર્શી, ગર્વ પણ નવ થાય છે.
દે શાપ કે વર કોઈને, નહિ ને કદી પણ દે ખરા;

નિર્ભય રહે ને કોઈ ઠેકાણે, ક્વચિત બીએ ખરા.૩૯

પણ તે તણો કદી હર્ષ શોક, જણાય ના મનની મહીં;
દૃઢ આશ્રયી હરિનો કદી, જાણી કુકર્મ કરે નહિ.
પણ દેશ કાળાદિક ભૂંડાના, ક્વચિત સંજોગથી;
થઈ જાય અવળું કર્મ કાંઈ, જો કદી જન તે થકી.૪૦

દૃઢ આશ્રયી ભગવાનનો, કલ્યાણ કેરા માર્ગથી;
કદી ના પડે નિર્વિઘ્ન, એવો માર્ગ બીજો તો નથી.
આ વાત સમજ્યો હોય આશય, હોય મોટો તે તણો;
જ્યમ સંત હરિજનથી નથી, મુજ સ્વાર્થ થોડો કે ઘણો.૪૧

પણ કોઈને બોલાવીએ, વઢીએ જ કાઢી મૂકીએ;
તે સર્વ તેને વાત આ, સમજાવવા કહીએ છીએ.
તે સમજતા બહુ સારું થાશે, તેથી દૃઢ કરી રાખજો;
જે તેજમાં છે મૂર્તિ તે, પ્રત્યક્ષ મુજને જાણજો.૪૨

કદી એમને ન જણાય, તો પણ એટલું જાણો બધા;
મહારાજ અક્ષરરૂપ તેજ, મહીં જુએ મૂર્તિ સદા.
જાણ્યા થકી પણ એમ રહેશે, હેત તમને મુજ વિશે
તેથી પરમ કલ્યાણ તમ, સરવે તણું નક્કી થશે.૪૩

આ વાતને સાંભળીને, નિત્યે નવી નવી રાખજો;
પણ ગાફલાઈપણા થકી, કદી ના વિસારી રાખજો.
છે આજ જેવી નવીન તેવી, કાલ પણ નવી રાખજો;
વળી દેહ અંત થયા સુધી, દિન દિન નવી ગણી નાખજો.૪૪

ભગવાનની સૌ વાતમાં, સર્વે તમે શ્રેયસ્કરી;
આ વાતનું બીજ લાવજો, એમ આજ્ઞા માહરી.

આ વાત જીવનદાર એવી, દેહ આ રહે ત્યાં લગી;
કરવી અને તજી દેહ, ભાગવતી તનુથી પણ નક્કી.૪૫

આ વાત કહીએ છે વળી, સૌ શાસ્ત્રનું સિદ્ધાંત છે;
અનુભવ મહીં પણ એમ, દૃઢ છે તેથી કહેવા ખાંત છે.
પ્રત્યક્ષ નજરે જોઈ કહી છે, વાત આ તમને અમે;
જો જોઈ ના કહી હોય તો સમ પરમહંસતણા મને.૪૬

## શાર્દૂલ વિક્રીડિત...

આ રીતે કહી વાત જે શ્રીહરિએ, ભક્તો તણાં હેતની;
પોતાના પુરુષોત્તમ સ્વરૂપની, સૌને રૂડી રીતની.
સૌ સાધુ હરિભક્ત તેહ, સુણીને માન્યું જ નક્કી કરી;
મૂર્તિ જે કહી તેજમાં, પ્રગટ તે પોતે શ્રીહરિ.૪૭

**(સમાપ્ત)**

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

"ભગવાનના મુખમાંથી નીકળેલી વાણીના આંદોલનો
સારાય વિશ્વમાં ગુંજે છે. જેની પાત્રતા થાય તેને
એ આંદોલનોનો સ્પર્શ થાય છે."

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com